ગાંધીનગર સમાચાર

ડોલ ઉભરાય છે, નળ બંધ કરશો પ્લીઝ !!!

શહેરમાં માર્ચ એન્ડીંગનો માહોલ

બાકી લેણાં-દેણા, વ્યાજ સહિત વર્ષના હિસાબો ચુકતે કરવા વ્યવસાયિકોની દોડધામ, આંકડાકીય માયાજળનો મહિનો પૂર્ણતાના આરે

ગાંધીનગર, તા.૨૭

વાર્ષિક હિસાબો પૂર્ણ કરવા માટે હિસાબીય વર્ષનો માર્ચ મહિન અંતિમ છે. હિસાબીય કામકાજોની પતાવટો પૂર્ણ કરવા તમામ પ્રકારના વ્યવસાયિકો હાલ દોડાદોડી કરી રહ્યા છે. પેઢીના ચોપડે બાકી રકમને સરભર કરવા વસુલાત પણ પૂરજોશમાં ચાલી રહી છે. મોટા ઉદ્યોગો, કચેરીઓ, દુકાનો તથા અન્ય નાના-મોટા ધંધાદારીઓ નફાનુકશાનની ગણતરીઓ માંડવા લાગ્યા છે. નાણાંકીય વર્ષમાં સરકારમાં ભરવાનો થતો ટેક્સ પણ માર્ચ અંત સુધીમાં ભરપાઈ કરવો અથવા ટેક્સ અંગેની તમામ જોગવાઈઓ પોતાના ચોપડે અંકે કરવા સુધીની કાર્યવાહીઓ હવે અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે. જેથી હાલમાં મોડી રાત સુધી આંકડાકીય માહિતીઓ એકઠી કરવામાં જ લોકો વ્યસ્ત બન્યા છે.

નાણાંકીય વર્ષનો અંતિ માસ માર્ચ મહિનો હિસાબોને સરખા કરવાનો મહિનો ગણાય છે. માર્ચ અંત સુધીમાં ચોપડે બોલતા ઉધાર-જમા, નફા-નુકશાન, સરવૈયુ તથા માલ સ્ટોકને બરાબર કરી લેવો પડે છે. હાલ હિસાબનીશો આંકડાકીય માયાજાળને ગોઠવવામાં પૂરેપૂરા વ્યસ્ત બન્યા છે. દેશભરમાં માર્ચ મહિનામાં ચોપડે બોલતી બાકી વસુલવા કડક ઉઘરાણી પણ થઈ રહી છે. ઈન્કમટેક્સની ગણતરીમાં રોકાણો કરવા માટે પણ માર્ચ મહિનો અંતિમ છે. જેથી ધંધાદારીઓ, નોકરીયાતો અને અન્ય વ્યવસાયિકો પોતાની આવકના લેખાજોખા સાથે ખર્ચના હિસાબો કરી અંતિમ પડાવ તરફ પ્રયાણ શરુ કરી દીધું છે.

સરકારી કર્મચારીઓ કે અન્ય નોકરીયાતો પણ પોતાના વર્ષ દરમિયાન આવક સામે ઈન્કમટેક્સ ભરવા લાયક બને છે કે કેમ? તેની પણ ગણતરીઓ શરુ કરી દીધી છે. ડેબુક, જનરલ ખાતાવહી, ખર્ચના બિલો, તથા વ્યાજ આવક-જાવકના હિસાબોની ઊંડાણપૂર્વક ચકાસણી સાથે અંતિમ હિસાબો કરવા માટે રાત-દિવસ એક કરી રહ્યા છે. માર્ચ મહિનો હોવાથી કેટલીક ખાનગી ધિરાણ કર્તાઓ દ્વારા ધિરાણ બંધ કરી ફક્ત વસુલાત ઉપર જ ધ્યાન આપી રહ્યા છે તો હાલ કેટલીક દુકાનોમાં માર્ચ મહિનો હોવાથી ઉધાર બંધ કરી દેતા હોય છે વધુમાં જૂની અને વર્ષો પુરાણી દબાયેલી ઉઘરાણી આવતી ન હોય તો માર્ચ મહિનાના નામથી આ ઉઘરાણીમાં સરળતા ઊભી થતી હોય છે. આમ માર્ચ ધાર-ધીરનાર માટે, વેપારીજનો માટે, લારીગલ્લા વાળા માટે તેમજ ઉબલક રહેલા હિસાબો સરભર કરવા માટે શ્રેષ્ઠ મહિનો ગણાતો થઈ ગયો છે.

@ગાંધીનગર

- સેક્ટર-૧૭, ટાઉનહોલ ખાતે રાત્રે ૯ કલાકે સોસમાણ મીર દ્વારા ડાયરાનો કાર્યક્રમ યોજાશે.

સે-૪સી ખાતે આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા.૨૭

સેક્ટર-૪સી પ્લોટ નં. ૬૪૩/૧ દેવીલા બેનના નિવાસ સ્થાને આગામી તા.૨૯ માર્ચને મંગળવારના રોજ બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. ભાવનાબેન ગોકલાણીના કંઠે આનંદના કરબા રજૂ કરવામાં આવશે. નગરના તમામ ભાવિક ભક્તોને આનંદના ગરબાનો લાભ લેવા પ્રફુલ્લાબેન ભાવસારે જણાવ્યું છે.

આજે સત્યાગ્રહ છાવણી ખાતે કોંગ્રેસના ધરણાં

નાની બચતના વ્યાજદરમાં ઘટાડો કરવા બાબતે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી સૂર્યસિંહ ડાભીની અધ્યક્ષતામાં સત્યાગ્રહ છાવણી, સેક્ટર-૬, ગાંધીનગર ખાતે કેન્દ્ર સરકાર દ્વારા વ્યાજના દરો ઘણા ઓછા કરીને સામાન્ય પ્રજાને અન્યાય કર્યો છે.

જેની સામે વ્યાજના દરોમાં વધારો કરવા માટે જિલ્લા કોંગ્રેસ તરફથી ધરણા કરવાનું આયોજન કરેલ છે. ત્યારબાદ કલેકટરશ્રી ગાંધીનગરને આવેદન પત્ર આપવામાં આવશે. આ કાર્યક્રમમાં ધારાસભ્યશ્રીઓ, જિલ્લા પંચાયત/તાલુકા પંચાયત/નગરપાલિકાના પ્રમુખશ્રીઓ, વિરોધ પક્ષના નેતાશ્રીઓ, સમિતિઓના ચેરમેનશ્રીઓ, સદસ્યશ્રીઓ, ચારેય તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, સેવાદળ, મહિલા કોંગ્રેસ, યુવક કોંગ્રેસ, એન,એસ.યુ.આઈ ના પ્રમુખશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, વિવિધ સેલના પ્રમુખશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ જોડાશે.

જરૂરિયાતમંદ બાળકોને મદદરૂપ બનતો યુવાનોનો અનોખો ''પ્રયાસ''

ગાંધીનગર, તા. ૨૭

''જેમને દશ્યોનું ટોળુ એક સરખુ જોઈએ,

એમણે બસ આંખ મીચીને જ જોવું જોઈએ,

ખાઈ-પીને ઊંઘવું એ કંઈ નવી ઘટના નથી,

જીંદગીમાં કૈંક આ ઉપરાંત બનવું જોઈએ.''

કવિ કિરણસિંહ ચૌહાણના આ શબ્દોને ગાંધીનગરના કેટલાક યુવાનોએ પોતાની યુવાની માત્ર ખાઈપીને ઉંઘવા કે હરવા-ફરવામાં જ વિતાવવાને બદલે ''કૈંક'' આ ઉપરાંત કરવામાં પણ વાપરી સમાજ પ્રત્યે તેમની જવાબદારીનું ઋણ અદા કરવાનો પ્રયાસ કરતા રહેવાનું યોગ્ય સમજ્યું છે. આ યુવાનો ગરીબ જરૂરિયાત મંદ બાળકોને ફાજલ સમયમાં શિક્ષણ આપવા સાથે બીજી અનેક રીતે મદદરૂપ થઈ રહ્યાં છે.

ચોતરફ અત્યારે પરીક્ષાઓનો માહોલ ચાલી રહ્યો છે, બોર્ડની પરીક્ષાઓ હજુ તાજેતરમાં જ પતી છે અને અન્ય ધોરણના વિદ્યાર્થીઓની પરીક્ષાઓ ચાલુ થઈ ગઈ છે. જો કે સમાજમાં હજુ પણ એવા અઢળક બાળકો છે જેઓ પરિવારની અત્યંત નબળી આર્થિક પરિસ્થિતિના કારણે પ્રાથમિક શિક્ષણ મેળવી શકતા નથી. અથવા સરકારી શાળાઓમાં ભણે તો છે પરંતુ પુરતા શૈક્ષણિક સંશાધનોના અભાવે મુશ્કેલી અનુભવે છે. તેવા બાળકોને શહેરના આ સેવાભાવી યુવાનો મદદરૂપ બની પ્રોત્સાહિત કરી રહ્યાં છે. વિવિધ મલ્ટીનેશનલ કંપનીઓમાં કે સરકારી વિભાગોમાં નોકરી કરતા આશરે ૬ થી ૭ યુવાનો ''પ્રયાસ'' ગૃપના નામથી તેમની આ ઉમદા પ્રવૃત્તિ દ્વારા સમાજના જરૂરિયાતમંદ વર્ગના બાળકોને મદદરૂપ થવાનો પ્રેરણાદાયી પ્રયાસ કરી રહ્યાં છે.

છેલ્લા આશરે ત્રણેક વર્ષથી આ યુવાનો વિવિધ સરકારી પ્રાથમિક શાળાના શ્રમજીવી વર્ગના બાળકોને નવરાશના સમયે શિક્ષણ આપવુ, પોતાના ખિસ્સામાંથી ફાળો એકત્ર કરી આ બાળકોને પુસ્તકો-નોટો, કંપાસ, દફતર, પેન-પેન્સિલ વગેરે જેવી મદદ ઉપરાંત જરૂર લાગે ત્યાં ટ્યુશન ફી ભરી આપવી, પરીક્ષા માટે ઉપયોગી મટિરિયલન્સ લઈ આપવુ, જેવા પ્રયાસો થકી મદદરૂપ થઈ રહ્યાં છે. એટલું જ નહી પરંતુ ધઓ. ૧૦ કે ધો. ૧૨ના બોર્ડની પરીક્ષાના બાળકોને પ્રોત્સાહિત કરવા ''મોટિવેશન સ્પીચ'' આપવી જેવા ઉમદા પ્રયાસ પણ કરી રહ્યા છે. આ પ્રયાસ ગૃપમાં આઈટીક્ષેત્રે એન્જિનીયર થયેલા પરેશ વાણિયાની આગેવાનીમાં દિવ્યાંગ રાણા, ગૌરવ પટેલ, અંકિત પંચોલી, નિસર્ગ પરમાર અને શૈશવ શાહ જેવા યુવા મિત્રો સામેલ થઈ આ ઉત્તમ સેવા કાર્ય કરી રહ્યાં છે. આ યુવાનો પોતાની કેરિયરમાં સારા સ્થાને કાર્યરત છે પરંતુ પોતાની સામાજિક જવાબદારી આ સેવાકાર્યમાં પોતાની સ્વમરજીથી જોડાઈ કાર્ય કરી રહ્યાં છે. તેમની પ્રવૃત્તિઓ બાબતે પરેશ વાણિયાએ જણાવ્યું હતું કે ''આ કાર્યથી અમને સમાજ અને રાષ્ટ્ર માટે કંઈક કર્યાનો સંતોષ મળે છે. વળી, આ બાળકોના ચહેરા પર આશાનું કિરણ પ્રગટાવવાથી જે ચમક સાથે સ્થિત રેલાય છે તેજ અમારૂ સૌથી મોટુ વળતર છે.''

સેક્ટર-૧૩માં સાઈકલ રીપેરીંગની દુકાનમાંથી સટ્ટો રમાડતા ત્રણ પકડાયા

ઈંગ્લેન્ડ-શ્રીલંકા ટી-૨૦ ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડી રહ્યા હતા : રૂ. ૩૮ હજારનો મુદ્દામાલ જપ્ત : એક વોન્ટેડ

ગાંધીનગર, તા. ૨૭

આઈ.પી.એલ. ટી. ૨૦ ક્રિકેટ મેચ ચાલી રહી છે ત્યારે ગઈકાલે રમાઈ રહેલી ઈંગ્લેન્ડ-શ્રીલંકા ક્રિકેટ મેચ પર શહેરના સેક્ટર-૧૩ ખાતે એક સાઈકલ રીપેરીંગની દુકાનમાં સટ્ટો રમાડાઈ રહ્યો હોવાની બાતમીને આધારે સે. ૭ પોલીસે દરોડો પાડીને ત્રણ સટ્ટોડીયાઓને પકડી પાડ્યા હતા. જ્યારે એક વોન્ટેડ છે. રૂ. ૩૮ હજારના મુદ્દામાલ સાથે ત્રણેયની ધરપકડ કરીને ઊંડી તપાસ શરૂ કરી છે.

શહેરની સેક્ટર-૭ પોલીસની ટીમને બાતમી મળી હતી કે સેક્ટર-૧૩ શોપીંગ સેન્ટર ખાતે એક સાઈકલ રીપેરીંગની દુકાનમાં ગઈ સાંજે ચાલી રહેલી ઈંગ્લેન્ડ-શ્રીલંકા વચ્ચની ટી-૨૦ ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડાઈ રહ્યો છે. જેને આધારે કોન્સ્ટેબલ સંદિપસિંહ, સુરપાલસિંહ, અંકિતકુમાર સહિતની ટીમે દરોડો પાડીને ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડી રહેલા આદીવાડાના ચાવડા પ્રવિણ વરસંગજી, સેક્ટર-૧૩ના વોરા રફીક દાઉદભાઈ અને વાવોલના જનક હિરા પ્રજાપતિ મળીને ત્રણની ધરપકડ કરી લીધી છે. જ્યારે મુન્નાભાઈ નામનો શખ્સ વોન્ટેડ છે. પોલીસે સટ્ટોડીયાઓ પાસેથી રોકડ રૂ. ૧૬૮૦ ઉપરાંત બાઈક, બે મોબાઈલ અને ટીવી મળીને કુલ રૂ. ૩૮,૬૮૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ચારેય સામે સે. ૭ પોલીસમથકમાં ગુનો નોંધી વોન્ટેડની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે. ગુનાની તપાસ પીએસઆઈ કે.કે. ગઢવીએ આરંભી છે.

સેક્ટર-૨૩માં આવેલી સૌરભ સોસાયટીના વડીલબંધુઓની આગેવાનીમાં તિલક હોળીને મહત્વ આપી રહીશો સાથે ફક્ત વિવિધ રંગો થકી તિલક કરીને રંગોની છોડો ઉડાડી ઉજવણી કરી હતી. ડૉ. હરજીવનભાઈ પટેલ, એન.ડી.ભટ્ટ, જી.ડી. પરમાર, વિજયભાઈ પંડિત, રેવાભાઈ પ્રજાપતિ, નટુભાઈ પટેલ સહિતના વડીલબંધુઓ તથા પુલકભાઈ ત્રિવેદી, પી.આઈ. વાઘેલા, અશોકભાઈ પટેલ, દશરથભાઈ પટેલ, સુરેશભાઈ પટેલ, ધર્મેશભાઈ બ્રહ્મભટ્ટ, કેવલ ત્રિવેદી, મિતેશ પટેલ, વિરુ વાઘેલા અને મહિલાઓ મોટી સંખ્યામાં રહીશો આ તિલક હોળીના ઉત્સવમાં સામેલ થઈ હર્ષોલ્લાસ કર્યો હતો. એકસૂત્રતાના તાંતણે બંધાયેલા રહીશોએ ભેગા મળી નાસ્તાની મિજબાની કરી આ તહેવારને ભવ્ય રીતે ઉજવ્યો હતો. કેમિકલ યુક્ત રંગો, પાણીની અતિશયોક્તિથી દૂર રહી વિવિદ કુદરતી રંગોના સાંનિધ્યના સથવારે હોળી-ધુળેટીને મનાવી હતી. તસ્વીર : ધર્મેન્દ્ર મહેતા

વાતવાતમાં

- સાઈકલ શેરિંગ પ્રોજેક્ટને સારો આવકાર પ્રાપ્ત થઈ રહ્યો છે. નગરજનોને મોટાભાગના સાઈકલ કેન્દ્રો પર સાઈકલ મેળવવા માટે ''વેઈટીંગ''માં ઉભું રહેવું પડે છે.
- સેક્ટર-૧૩-એમાં કોમન પ્લોટમાં ફૂલોના ગરબા યોજાયા હતા. ફૂલોના ગરબાને કારણે શહેરી વિસ્તાર ગ્રામ્ય સંસ્કૃતિનો માહોલ સર્જાયેલો જોવા મળતો હતો.
- શહેરમાં હોળાષ્ટક ઉતરતા જ લગ્નોની કંકોત્રીઓ વહેંચવાનું ચાલુ થઈ ગયું છે. જો કે આ સમયે સોની-જવેલર્સની હડતાલના કારણે લગ્નના આયોજકો ચિંતામાં મુકાયા છે.
- ટ્રાફિક પોલીસ દ્વારા નગરના માર્ગો પર અનેક સ્થળે બેરીકેડસ મુકી વાહનોની ગતિને મર્યાદિત કરવા પ્રયાસ કરાય છે. જો કે અનેક જગ્યાએ આ બેરીકેડસ અકસ્માત નોંતરે તે રીતે મુકાય છે અને રાત્રીના સમયે પણ હટાવાતા નથી તેથી વાહનચાલકો પરેશાન છે.
- લાંબી રજાઓ જેવા વીકએન્ડના છેલ્લા દિવસે ટી-૨૦ વર્લ્ડકપમાં ભારત-ઓસ્ટ્રેલિયાની ક્રો યા મરો જંગ જેવી મેચે નગરના માર્ગો પર સૂનકાર સર્જ્યો હતો. ક્રિકેટ રસિયાઓએ આ મેચની ક્ષણે ક્ષણ મનમુકીને માણી હતી.

દુ:ખદ અવસાન

નિવૃત્ત કાર્યપાલક ઈજનેર જસવંતસિંહ રહેવરના પુત્ર સ્વ. રાજદીપસિંહ જસવંતસિંહ રહેવરનું અકસ્માતમાં દુ:ખદ અવસાન થયેલ છે. અકસ્માતમાં દુ:ખદ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસતું તા.૨૮મી માર્ચને સોમવારના રોજ સવારે ૮.૩૦ થી ૧૧.૦૦ કલાક દરમિયાન સેક્ટર-૩બી, પ્લોટ નં. ૧૩૨૮/૧ ખાતે રાખવામાં આવ્યું છે.

ડોલ ઉભરાય છે, નળ બંધ કરશો પ્લીઝ !!!

આ ''વિશ્વ જળ દિવસે'' પાણીના વિવેકપૂર્ણ ઉપયોગ સાથે ''રનીંગ વોટર''ના શોખને તિલાંજલિ આપીએ

રહેણાંક સહિત તમામ એકમોમાં વોટર મીટર ''ફરજિયાત'' કરવાનો સમય પાકી ગયો છે

લાગ્યું એવું લખ્યું

સમીર રામી

ગાંધીનગર, તા. ૨૭

''મારે જો એક લોટો પાણીની જરૂર હોય તો હું એટલું જ લઈને વાપરીશ, પછી ભલેને આખી સાબરમતી વહી જતી હોય'' રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના આ શબ્દો નદીને માતા કહેતા પરંતુ પાણીનો બેફામ બગાડ કરતા તમામે ધ્યાનથી સાંભળવા તથા સમજવાની જરૂર છે. આગામી તા. ૨૨મી માર્ચે સમગ્ર વિશ્વએ જળ દિવસ ઉજવ્યો હતો. પરંતુ જ્યાં સુધી આપણે રોજબરોજના દૈનિક કાર્યોમાં જાણતા અજાણતા વેડફી રહેલા પાણીને અટકાવી તે અંગે આદતોમાં સુધારો કરવા પ્રયાસ કરવાની તાતી જરૂર છે. આ સાથે રહેણાંક કે કોમર્શિયલ તમામ એકમોમાં વૉટર મીટર ફરજિયાત કરવાનો સમય પાકી ગયો છે.

વર્ષ ૧૯૯૨માં સંયુક્ત રાષ્ટ્રનું સંમેલન યોજાયું હતું. જેનો વિષય ''પર્યાવરણ તથા વિકાસ હતો.'' આ સંમેલનમાં ૨૨મી માર્ચને આંતરરાષ્ટ્રીય જળ દિવસ તરીકે ઉજવવાનો ઠરાવી કરવામાં આવ્યો જેનો ઉદ્દેશ વિશ્વમાં પાણીનો શક્ય હોય તેટલો બચાવ થાય તે માટે જાગૃતિ ફેલાવવાનો છે. એક તરફ આપણા દેશમાં હજુ પણ એવા વિસ્તારો છે. જ્યાં પીવાના પાણી માટે પણ નાગરિકોને ફાંફા છે અને મહિલાઓને પાણીનો એક ઘડો ભરવા જોજનો સુધી રખડવું પડે છે. બીજી તરફ વિકસિત શહેરી વિસ્તારમાં કેટલાક બેદરકારોને ''રનીંગ વૉટર''થી ટુથબ્રશ કરવો કે 'શેવ' બનાવવી એ ફેશન જ નહીં પરંતુ સ્ટેટસ સિમ્બોલ જણાય છે. પોતાના ઘરના આંગણે વારંવાર પાણીનો છંટકાવ કરવો કે કારવૉસ કરી અઢળક પાણીનો વ્યય કરવો એ સામાન્ય બાબત જણાય છે. વિશ્વમાં પીવાના ચોખ્ખા પાણીનું સંકટ ઘેરૂ બનતું જાય છે. તે આ વપરાશકારોના ધ્યાનમાં જ નથી આવ્યું. તેમને તો બસ ''નર્મદાનું પાણી'' મળી ગયું છે એટલે ''ન્હાવાથી માંડીને ધોવા'' સુધી પાણી રેડે જ રાખવું છે.

થોડાક સમય પહેલા સેન્ટ્રલ ગર્વમેન્ટની વૉટર કમિટિએ કરેલ એનાલિસિસ મુજબ ન્હાવા માટે ફુવારાને બદલે જો બાલ્ટીનો પરંપરાગત વિકલ્પ અપનાવાય તો આશરે રોજનું ૮૨ લીટર જેટલુ પાણી બચાવી શકાય છે. માત્ર ટોયલેટમાં ફ્લશનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવાથી ૧૪ થી ૧૫ લીટર, કપડા ધોતી વખતે નળ સતત ચાલુ ના રાખીને આશરે ૮૦ લીટર, દાઢી બનાવતી વખતે નળ જરૂર મુજબ ચાલુ કરીને આસરે એક લીટર, ટુથબ્રશ કરતી વખતે ''રનીંગ વૉટર'' બંધ રાખીને પાંચેક લીટર પાણી બચાવી શકાય છે. આટલુ જ નહી પરંતુ સતત નળ ચાલુ નહી રાખીને ગાડી ધોવામાં આશરે ૮૦ લીટર, બગીચામાં સતત પાઈપ વહેતી નહી રાખીને અથવા સ્પ્રિંક્લર સિસ્ટમનો ઉપયોગ કરીને ૭૦ થી ૮૦ લીટર પાણી બચાવી શકાય છે. માત્ર કેટલીક સાવચેતીઓ રાખવામાં આવે તો દરેક પરિવાર આશરે ૩૦૦ લીટર જેટલુ પાણી બચાવી શકે છે અને સોસાયટીમાં થતા પાણી માટેના કકળાટ પણ અટકાવી શકે છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

સારૂ છે કે હવે નવા એપાર્ટમેન્ટસ કે રહેણાંક મકાનોની સ્કીમમાં પાણીના મીટર લગાડવા ફરજિયાત કરાયા છે. જેના કારણે પાણીના વ્યય પર ઘણો બધો અંકુશ આવશે તેવી આશા સેવાઈ રહી છે. જોકે નવી પેઢીને જ્યાં સુધી રનીંગ વૉટરની માનસિકતાથી દૂર રાખી 'ડયુઝ બકેટ''ના સંસ્કાર આપવામાં નહી આવે ત્યાં સુધી તેમનું જ ભાવિ જળસંકટથી ઘેરાયેલુ રહેશે.

પ્રતિભાવો આવકાર્ય : Samir talod@yahoo.com

પંખીઓની તરસ છીપાવશે હ્યુમન ફાઉન્ડેશનની પરબ

અબોલ પક્ષીઓને ઉનાળાનાં ધગ-ધગતા તડકામાં પાણી મળી રહે તેમની તરસ છીપાવી શકે તેવા ઉમદા હેતુથી હ્યુમન ફાઉન્ડેશન દ્વારા સતત છઠ્ઠા વર્ષે પક્ષીઓને પાણી પીવડાવવા માટેનાં કુંડાનું વિનામુલ્યે વિતરણ શનિવાર અને રવિવારના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં અંદાજિત કુલ ૫૦૦ જેટલી પાણીની પરબનું વિતરણ કરવામાં આવ્યું હતું. દર વર્ષે ગરમીમાં હજારો પક્ષીઓ પાણી વગર મરી જાય છે, જે અટકાવવા માટે સેવાના આ ઉમદા કાર્યમાં જોડાઈ પક્ષીઓને પાણી પુરું પાડવાના કાર્યમાં મોટી સંખ્યામાં ગાંધીનગરના નગરજનોએ લાભ લીધો હતો.

રાણીપ ટર્મિનલનું લોકાર્પણ

ગુજરાત એસટી નિગમ દ્વારા પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ (પીપીપી) મોડલથી રૂપિયા ૨૬ કરોડના ખર્ચે સુભાષબ્રિજ પાસે બનેલા રાણીપ બસ ટર્મિનલનું રવિવારે મુખ્યમંત્રી મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું હતું. વડોદરાનું વિશ્વ પ્રસિદ્ધ નજરાણું વેત ટ્રાન્સક્યુબ પ્લાઝા અર્પણ કર્યા બાદ હવે અમદાવાદને બીજું નજરાણું ગ્રીન બિલ્ડિંગ કન્સેપ્ટના આધાર પર ક્યુબ કન્સ્ટ્રક્શનના વિઝનરી ડાયરેક્ટર સંજયભાઈ શાહ અને બિંદીયાબેન શાહે શહેરીજનોને અર્પણ કર્યું હતું. આ દેશનું એવું બસ ટર્મિનલ છે, કે જેમાં એક સામાન્ય વ્યક્તિ પણ સ્પેશિયલ હોવાનો અહેસાસ કરી શકે છે. આ બસ ટર્મીનલ કલાત્મકતા અને આધુનિકતાનો એક અનોખો સંગમ છે. અત્યંત આકર્ષક એલીવેશન ધરાવતા આ અલ્ટ્રામોર્ડન બસ ટર્મીનલનો ૭૯૦૦ ચોરસમીટર એરિયા છે.